


"સાહેબ..! રાહતના સમાચાર છે."

"હા... હવે તો રાહતે રાહત જ આપશો ને..?! શામાં રાહત આપો છો..? કોં..!!"

"દસમીએ જીએસટીમાં રાહતની જાહેરાત થશે... સ્લેબ ઘટાડાશે..!! દર ઘટાડાશે..!! બોજ હળવો થશે..!!"

"એ તો હવે ને..?! વાળ્યા ના વળે... એ હાર્યા વળે..!! અમે કેતા'તા ત્યારે ઘાંટા પાડીને કહેતા'તા... તમને શું ખબર પડે..!?! તમારા નાણાંમંત્રી હમણાં જ બોલ્યા... કે રાહુલને જીએસટીમાં ગતાગમ જ નથી..!! તો પછી આ રાહતો રાતોરાત કેમ..?!"

"કંઈ રાતોરાત નથી સાહેબ..!! વ્યાપારી મંડળોની રજુઆત છે..!! પ્રજાનો પ્રતિભાવ છે..!! પ્રજાનો અવાજ તો માનવો પડે ને..?!"

"ઓ...હો...હો..! પ્રજાનો અવાજ તો માનવો પડે..! પેલા મતમાં ગાબડા દેખાય છે એટલે..? જીએસટીથી બેઠકોની બેઠકો હારી જવાય એવી સ્થિતિ ઉભી થઈ છે એટલે રાહતોનું બ્રહ્મજ્ઞાન આવ્યું એમ ચોખ્ખે ચોખ્ખુ કહોને..!! 'છાશ લેવા જવું ને દોણી સંતાડવી' આ ક્યાંનો ન્યાય..?!

"ખોટી ખોટી વાતો ના કરો... પ્રજાની વાત સાંભળીએ તો તમે મતના હિસાબ માંડો છો... પ્રજાની વાત ના સાંભળીએ તો તમે અહંકારી કહો છો..! અમારે તો કરવાનું શું..?! તમે કો એમ જ રાજ ચલાવવાનું..?!"

"અમે કહીએ એમ નહીં... પ્રજા કે એમ..!! પણ અમે જે કહીએ છીએ તે પ્રજા વતી જ કહીએ છીએ... અમારા કંઈ જુદા રજવાડા નથી..!! તમારા પૂર્વગ્રહ એવા સોલીડ છે કે તમે ડૉ. મનમોહનસિંહનું ના માનો..! તમે રઘુરામ રાજનનું ના માનો..! અરે તમારા યશવંતસિંહ સિન્હાનું ના માનો..! તમારા અરૂણ શૌરીનું ના માનો..!"

"ઓ...હો...ઓ... જબરી વકીલાત કરો છો તમે..!!"

"વકિલાત નથી સાહેબ..! નકરી વાસ્તવિકતા છે. તમે આધારનો વિરોધ કરતા'તા... હવે દરેકમાં આધાર ફરજિયાત કર્યું..!! તમે મનરેગાનો વિરોધ કરતાં હતાં... આજે એજ મનરેગા તમારો મુખ્ય ભાગ બન્યો છે..!! તમે એક માથા માટે દસ માથા લાવવાનું કહેતા'તા આજે દસના બદલે એક પણ નથી લાવી શક્યા..!! અને તમે જીએસટી..!!"

"...હા...બોલો બોલો હજી..! જીએસટીમાં શું બાકી રહ્યું..?!"

"ના અમારે તો કંઈ કહેવુ નથી... તમે કહેતા'તા કે વિકાસ જોઈતો હોય તો ટેક્ષ તો ભરવો જ જોઈએ ને..?! જીએસટી ગેમચેન્જર બનશે..! દેશનું અર્થતંત્ર બદલાઈ જશે..!"

"હા... હા..! અમે કહેતા'તા અને કહીએ છીએ... એમાં આટલી બધી કથા શેની કરો છો..?! અમે રાહતો જાહેર કરીએ છીએ એમાં ખુશ થવાની વાત છે કે બળાપા કાઢવાની વાત છે..?! રાજી થાવ રાજી..!!"

"સાહેબ અમે તો રાજી છીએ... બમણા રાજી છીએ. અમારૂ કહ્યું તમારે માનવું પડ્યું... સવળા નહિ તો અવળા કાન પકડવા જ પડ્યા ને..?! અમે એજ કહેતા'તા કે ભાઈ જીએસટી માટે એક તંત્ર વ્યવસ્થિત

● અનુસંધાન પાન-૫ પર



ચલો, ચલે સ્કૂલ... - દિવાળી વેકેશન બાદ બીજા શૈક્ષણિક સત્રના પ્રારંભ સાથે શાળાઓ બાળકોના કલરવથી ગુંજી ઉઠી હતી... શહેરની શાળાઓમાં બાળકોને મુકવા આવતા વાલીઓની અવરજવરથી વાતાવરણમાં ધમધમાટ અનુભવાતો હતો... નાના નાના બાળકો પણ દિવાળીની મીઠી મીઠી યાદો સાથે શાળામાં જવાનો ઉત્સાહ વ્યક્ત કરતા હતા...

# મતદાન જાગૃતિ અભિયાન અંતર્ગત શાળાઓમાં વિવિધ સ્પર્ધાઓ યોજાશે

## રેલી ઉપરાંત રંગોળી, નિંબંધ, ચિત્ર તેમજ વકતૃત્વ સ્પર્ધા યોજાશે

ગાંધીનગર તા ૬

વિધાનસભાની ચુંટણીને અનુલક્ષીને જિલ્લાની માધ્યમિક શાળાઓમાં મતદાન જાગૃતિ કાર્યક્રમ અન્વયે વિવિધ સ્પર્ધાઓ યોજવામાં આવશે. માધ્યમિક શાળાઓમાં મતદાન જાગૃતિ રેલી, રંગોળી તેમજ ચિત્ર સહીતની વિવિધ સ્પર્ધાઓ યોજાશે. તા ૬ નવેમ્બરથી ૧૧ ડીસેમ્બર દરમિયાન સ્પર્ધાઓ ઉપરાંત મતદાન જાગૃતિલક્ષી વિવિધ કાર્યક્રમો યોજાશે. આ દરમિયાન નગરના જાહેર તેમજ ધાર્મિસ સ્થળો પર શેરી નાટક ગામોમાં મતદાર જાગૃતિને લગતા સુત્રો લખવા સહીતના કાર્યક્રમો યોજાશે.

આગામી વિધાનસભાની ચુંટણીને અનુલક્ષી મતદારોને જાગૃત કરવા ઝુંબેશ હાથ ધરાશે. પ્રત્યેક નાગરિક મતાધિકાર માટે જાગૃત બને તે માટે જનજાગૃતિ કેળવાય તેવા પ્રયાસો કરવામાં આવશે. જેને અનુલક્ષી તા ૬ નવેમ્બરથી જ વિવિધ કાર્યક્રમો શરૂ કરી દેવાયા છે. જેમાં તા ૧૦ નવેમ્બર સુધી માધ્યમિક શાળાઓમાં શાળા કક્ષાએ મતદાન જાગૃતિ રેલી રંગોળી તેમજ ચિત્ર સ્પર્ધાઓ યોજાશે. જયારે તા ૧૩ થી ૧૮ નવેમ્બર દરમિયાન શાળાઓમાં વાલીઓનો સંપર્ક કરી મતદાન જાગૃતિનો સંદેશો પહોંચાડવા, ગામ શહેરના વયોવૃધ્ધ મતદાતા, દિવ્યાંગ તેમજ યુવા મતદાતાને શાળાની

● અનુસંધાન પાન-૫ પર

### શાળાઓમાં નહી સેકટરોની શેરીઓ અને ગામડાની ગલીઓમાં ઝુંબેશ જરૂરી

આગામી વિધાનસભાની ચુંટણીમાં પ્રત્યેક નાગરિક મતાધિકારનો ઉપયોગ કરે અને કોઈપણ નાગરિક મતાધિકારના ઉપયોગથી વંચિત ન રહી જાય તે માટે જનજાગૃતિ અભિયાન હાથ ધરવામાં આવ્યુ છે. જેને અનુલક્ષી એક મહીનાની મતદાર જાગૃતિ ઝુંબેશ હાથ ધરાઈ છે. જો કે આ અભિયાન અન્વયે મોટાભાગના કાર્યક્રમો શાળાકક્ષાએ યોજવાના છે. જેમાં મતદાર જાગૃતિ માટે વિદ્યાર્થીઓ વિવિધ સ્પર્ધાઓમાં જોડાશે. બીજીતરફ મતદારોને જાગૃત કરવા માટે શાળા કક્ષાએ અભિયાન હાથ ધરવાની ઝુંબેશ નિરર્થક સાબિત થશે તેવો સુર ઉઠવા પામ્યો છે. મતાધિકારનો ઉપયોગ કરનારા મતદારો જયાં હાજર હોય તેમને ઢંઢોળવા માટે આ આખી ઝુંબેશનુ સેકટરોની શેરીઓ તેમજ ગામડાઓમાં આયોજન કરવાની અનિવાર્યતા હોવાનો સુર ઉઠવા પામ્યો છે. જો કે ઝુંબેશ અંતર્ગત કેટલાક જાહેર અને ધાર્મિક સ્થળો પર શેરી નાટક અને સુત્ર શ્લોગન સ્પર્ધા યોજવાની

● અનુસંધાન પાન-૫ પર

# સે. ૨૮ અને ૧૩માંથી ડેન્ગ્યુના કેસ મળ્યા

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર શહેરમાંથી ડેન્ગ્યુના બે કેસ અને જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાંથી એક કેસ મળી આવેલ છે.

જિલ્લામાં છેલ્લા કેટલાક દિવસથી વાહકજન્ય રોગચાળો વકરી રહ્યો છે. શહેરમાં આજ સુધીમાં ૪૧ કેસ ડેન્ગ્યુના અને ૮ કેસ ચિકનગુનિયાના નોંધાયા છે જે ઉલ્લેખનીય છે. જો કે મેલેરિયાના કેસોની સંખ્યામાં ઘટાડો જોવા મળી રહ્યો છે.

મળતી વિગતો પ્રમાણે સે. ૨૮ અને સે. ૧૩માંથી આજે આ કેસો મળી આવેલા છે. સે. ૨૮માંથી ૪૦ વર્ષીય પુરૂષને ડેન્ગ્યુ પોઝીટીવ જણાયેલ છે. શહેરી મેલેરિયા તંત્રએ મળી આવેલા બન્ને દર્દીને ત્યાં ફોગીંગ અને એન્ટીલારવેલની કામગીરી કરી સર્વેલન્સની કામગીરી હાથ ધરી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તાર વાવોલના કુબેરનગરમાંથી ડેન્ગ્યુનો કેસ મળી આવેલ છે. જે મહિલા દર્દી

**વાવોલના કુબેરનગરમાંથી પણ મહિલા દર્દીને ડેન્ગ્યુ જણાયો**

હોવાનું જાણવા મળેલ છે.

આ દર્દીઓ હાલ ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે અને તેમની તબિયત સુધારા પર છે.

શહેર અને જિલ્લામાં વાહકજન્ય રોગચાળાના દર્દીઓ વધતાં તંત્ર ચિંતામાં ગરકાવ થઈ જવા પામ્યુ છે.

# સે-૨૨માં રીંગ રોડના વાઈડનીંગ બાદ સપ્તાહમાં વોક વેનુ કામ શરૂ કરાશે

ગાંધીનગર તા ૬

શહેરમાં માર્ગ સુધારણાની કામગીરી હાથ ધરવામાં આવી છે. જયારે સેકટરોમાં પણ માર્ગોને ચકાચક બનાવાનુ કામ ચાલી રહયુ

**રીંગ રોડના વાઇડનીગના અંતે માર્ગ પર ટ્રાફિકની અવરજવર સરળ બનશે**

છે. સે-૨૨ માં પણ સેકટરના રીંગ રોડને વાઈડનીંગ કરવાનુ કામ પુર્ણતાના આરે છે. આગામી સપ્તાહમાં કામ પુર્ણ થયા બાદ માર્ગની આસપાસ વોક વેના નિર્માણની કામગીરી શરૂ કરી દેવાશે.

શહેરના સેકટરોમાં માર્ગોની દશા સુધારવા માટે તંત્ર દ્વારા સેકટરોના આંતરિક માર્ગોનુ કામ શરૂ કરી દેવાયુ છે. તબક્કાવાર સેકટરોમાં માર્ગોની સુધારણાનુ કામ ચાલી રહયુ છે. હાલ સે-૨૧, સે-૫ અને સે-૧૨ માં માર્ગ સુધારણાની કામગીરી હાથ ધરવામાં આવી છે. આ ઉપરાંત સે-૧૭:૨૨ થી પંચદેવ મંદિર તેમજ આર્યુવેદિક દવાખાના તરફ જતા સેકટરના રીંગ રોડને પણ વાઈડનીંગ કરવાનુ કામ હાથ ધરાયુ છે. છેલ્લા ઘણાં સમયથી આ માર્ગ પર ટ્રાફિકની અવરજવર વધવાની સાથે સાંકડો માર્ગ માર્ગ સલામતીની દ્રષ્ટીએ જોખમી બન્યો હતો. જેને ધ્યાને લઈ તંત્ર દ્વારા આ માર્ગને બન્ને બાજુથી દોઢ મીટર પહોળો કરવાનુ કામ હાથ ધરાયુ છે. જયારે આ કામગીરીના અંતે આ માર્ગ ૭ : ૫૦ મીટરની પહોળાઈનો થઈ જશે જેના લીધે

● અનુસંધાન પાન-૫ પર

# શહેરના જાહેર શૌચાલયો બંધ હાલતમાં

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર મહાનગરપાલિકામાં આવેલ જાહેર શૌચાલયોની સ્વચ્છતા અને તેના સંચાલન માટેના કેરટેકરોના અભાવની વાત બહાર આવતાં જ સત્તાવાળાઓએ તેના સંચાલકોને નોટીસ ફટકારી અને તાત્કાલિક આ માટેની કાર્યવાહી કરવા જણાવ્યુ છે.

**...તો કેરટેકર નહિ હોવાની ફરિયાદો તંત્રની તપાસમાં સાચી જણાઈ : મનપાના તંત્રની તપાસમાં ત્રુટીઓ સામે આવતાં સંચાલકોને નોટીસ ફટકારી**

પ્રાપ્ત થતી વિગતો મુજબ ૩૧ ઓકટો.ના રોજ મનપાના સત્તાવાળાઓ દ્વારા આ અંગે તપાસ હાથ ધરવામાં આવી હતી. જેમાં ઘણા બધા શૌચાલયોમાં સ્વચ્છતાનો અભાવ, વૉશબેસીન તુટી ગયેલા તેમજ કેર ટેકર જ ત્યાં ફરજ પર નહિ હોવાનું અને શૌચાલયને તાળુ મારવામાં આવ્યાનું ધ્યાને આવ્યું હતું.

સેનેટરી ઈન્સ્પેકટરના નેતૃત્વમાં આ ચેકીંગની કાર્યવાહી કરવામાં આવી હતી. મળતી વિગતો પ્રમાણે વોર્ડ નં. ૫ અને ૭માં તો છ જેટલા શૌચાલય બંધ હાલતમાં જણાયા હતા તો ૭ જેટલા શૌચાલયોમાં કેરટેકર જ નહિ હોવાનું જણાવ્યું હતું.

વોર્ડ નં. ૬માં પણ સફાઈના અભાવવાળા બે શૌચાલયો જોવા મળ્યા હતા તો ૩ શૌચાલયમાં કેરટેકર જણાયા ન હતા અને બે શૌચાલયોને તાળાં લટકતાં જોવા મળ્યા હતા.

વોર્ડ નં. ૧ થી ૪માં પણ સફાઈ ન થઈ હોવાનું, લાઈટો, રાત્રિના સમયે ચાલતી ન હોવાની ફરિયાદો જોવા મળી હતી. આ ઉપરાંત વૉશબેસીનમાં પાણી પુરવઠો ન આવતો હોવાનું પણ જોવા મળ્યુ હતુ. કેરટેકર પણ જોવા મળ્યા ન હતા

● અનુસંધાન પાન-૫ પર

# કોંગ્રેસ વિરૂદ્ધ આચાર સંહિતા ભંગની ફરિયાદ

અમદાવાદ, તા. ૬

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં શાસક પક્ષ ભાજપ દ્વારા કોંગ્રેસ દ્વારા કરવામા આવેલા ૫,૦૦૦ કરોડના ભ્રષ્ટાચારના આરોપો બાદ હવે કોંગ્રેસ સામે આચારસંહિતાના ભંગની ફરિયાદ નોંધાવતા ચૂંટણીપંચ દ્વારા તપાસના આદેશ આપવામા આવ્યા છે. આ અંગેની વિગત એવી છે કે, મ્યુનિસિપલ વિપક્ષનેતા દ્વારા ત્રણ નવેમ્બરના રોજ મ્યુનિસિપલ કોર્પોરેશનની દાણાપીઠ ખાતે આવેલી મુખ્ય કચેરીમાં એક પત્રકાર પરિષદનું આયોજન કરીને મ્યુનિસિપલ કોર્પોરેશનમાં શાસકપક્ષ તરીકે ભાજપના ૨૨ માસના શાસન કાળમાં કુલ મળીને રૂપિયા ૫,૦૦૦ કરોડનો ભ્રષ્ટાચાર આચરવામા આવ્યો હોવાનો ગંભીર આક્ષેપ કર્યો હતો. બાદમાં ભાજપ દ્વારા એક પણ રૂપિયાનો ભ્રષ્ટાચાર આચરવામા ન આવ્યો હોવાનુ કહેતા ગઈકાલે વિપક્ષ દ્વારા નવેસરથી આ મામલે વળતો પ્રહાર કરવામા આવતા આજે મ્યુનિસિપલ કોર્પોરેશનમાં શાસકપક્ષ ભાજપ દ્વારા કોંગ્રેસ દ્વારા આચારસંહિતાનો ભંગ કરીને સરકારી ઈમારતનો ઉપયોગ પ્રચાર-પ્રસાર માટે કરવામા આવ્યો.

## જાહેર સુચના

આથી જાહેર સુચના આપવામાં આવે છે કે, ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા સ્વચ્છ ભારત મિશનના ભાગરૂપે ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં જાહેર જનતાને નજીકના સ્થળે ટોયલેટની સુવિધા ઉપલબ્ધ થઈ શકે તે હેતુથી કોર્પોરેટ સોશિયલ રીસ્પોન્સીબીલીટી અંતર્ગત વિવિધ કોમર્શિયલ બિલ્ડીંગ જેવા કે તમામ બેંકની બ્રાન્ચ, પેટ્રોલ પંપ, શોપીંગ મોલ્સ, સરકારી / અર્ધસરકારી કચેરીઓ, બસ સ્ટેશન, રેલવે સ્ટેશન તેમજ અન્ય તમામ કોમર્શિયલ કોમ્પ્લેક્ષમાં આવેલ ટોયલેટનો ઉપયોગ જાહેર જનતાને કામકાજના સમયગાળામાં કરવા દેવા માટે ખુલ્લા મુકવા અને તે અંગેની જાણકારી માટેના બોર્ડ / સુચનાપત્ર તે સ્થળે પ્રદર્શિત કરી / લગાવી તેની નોંધણી સંબંધિત ગાંધીનગર મહાનગરપાલિકાની વૉર્ડ કચેરીઓમાં કરાવવી. આ સુચનાથી જાહેર જનતાને સદર સુવિધાનો ઉપયોગ કરવા અનુરોધ કરવામાં આવે છે.

સહી/-
ડી. એન. મોદી (IAS)
મ્યુનિસિપલ કમિશનર
ગાંધીનગર મહાનગરપાલિકા

માહિતી/૨૧૮૨/૧૭-૧૮

# કોંગ્રેસ-ભાજપનું મેચફિક્સિંગ : બાપૂ

## ભાજપના ગઢમાં જનવિકલ્પને અભૂતપૂર્વ જન સમર્થન, સ્નેહમિલનમાં બાપૂએ વિશાળ જનમેદનીને સંબોધી : જનવિકલ્પની સરકાર એક જ વર્ષમાં ૧૦ લાખને રોજગારી આપશે

ગાંધીનગર, તા. ૬

જનવિકલ્પ પાર્ટીના કેપ્ટન અને રાજ્ય સરકારના મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાના નેતૃત્ત્વમાં દેવદિવાળીના દિવસે પૂર્વ અમદાવાદમાં ભાજપના ગઢ સમાન બાપુનગરમાં વિરાટ જાહેરસભા યોજાઈ હતી. આ જાહેર સભાને સંબોધતા શંકરસિંહ બાપૂએ ગુજરાત, ગુજરાતી ભાષા અને દેશ દેશાવટમાં વટથી વેપાર ધંધા કરતા ગુજરાતીઓની ભારોભાર પ્રશંસાસ કરીને કહ્યું હતું કે ભાજપ-કોંગ્રેસ પક્ષોમાં પ્રજાવિરોધી કાવતરાં, આંતરિક જૂથબંધી, અંદરોઅંદર એકબીજાને હરાવવાના રાજકીય પેંતરાબાજી તથા પક્ષોના કહેવાતા હાઈકમાન્ડની દાદાગીરીથી કંટાળીને તેઓ છેવટે કોંગ્રેસ છોડીને પ્રજા મારી હાઈકમાન્ડ અને પ્રજા કહે એવી સરકાર રચવા માટે મતદારોની વચ્ચે આવ્યો છું. ચૂંટણીઓમાં ભાજપ-કોંગ્રેસ વચ્ચે મેચ ફિકિંસગ કરીને પ્રજાને રીતસર બેવકૂફ બનાવાય છે. આ પક્ષોમાં મેરિટવાળા-લાયકાતવાળાનું કોઈ સ્થાન નથી. થર્ડ ક્લાસવાળો હોય અને ચમચાગીરી સારી આવડતી હોય તો તેનો ટિકિટ મળી જાય છે. ટિકિટ માટે યોગ્ય લાયકાત ધરાવનાર રહી જાય છે. રાજકારણમાં લાયકાતને કોઈ મહત્ત્વ નથી પૈસાનું મહત્ત્વ છે.

તેઓએ કહ્યું કે આપણે ત્યાં હજુ પ્રજાના પ્રતિનિધિને બરાબર કામ ના કરે તો તેને પાછો બોલાવવાની કોઈ કાયદાકીય વ્યવસ્થા નથી તેથી ભાજપ-કોંગ્રેસથી કંટાળ્યા હોય તેનો વિકલ્પ અમારી પાર્ટી જનવિકલ્પ પાર્ટી છે. પ્રજાને પસંદગીની તકો માટે જનવિકલ્પ પાર્ટીની રચના કરવામાં આવી હોવાનું જણાવીને તેમણે કહ્યું કે જનવિકલ્પ એ પ્રજાનો સંકલ્પ છે. પ્રજાનો પક્ષ છે, પ્રજા માટેનો પક્ષ છે. નવા વર્ષમાં પાંચ વર્ષનો સંકલ્પ કરીને મતદાન કરતી વખતે જનવિકલ્પના ઉમેદવારના ચૂંટણી પ્રતિક ટ્રેક્ટર પર બટન દબાવી જન વિકલ્પ પાર્ટીની સરકાર રચવા માટે આગળ આવ્યા વિશાળ જનમેદીને આહ્વાન કર્યું હતું.





www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN ®
ashirvad
BENELAVE™
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૯૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com